## નારદીપુરમાં 'સ્વપ્નદર્શી પર્વ' પ્રસંગે રાજયની પ્રથમ

# મહિલા યુનિવર્સિટી બનાવવાનો સંકલ્પ

**ટુંકમાં જ ગામમાં પુર્વ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધીનુ શિક્ષણ અને કોલેજ શરૂ કરવા પણ સ્વપ્રદર્શી પર્વ દરમિયાન જાહેરાત : નારદીપુરને શૈક્ષણિક હબ બનાવવા આગળ વધતા એન આર આઇઓને શિક્ષણમંત્રીએ બિરદાવ્યા : ગામમાં ઉભુ થનારુ વિધાસંકુલ દિકરીઓને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરશે : પુ ગુરુમાં**







ગાંધીનગર તા ૨૨

નારદીપુર ખાતે આયોજિત સ્વપ્રદર્શી પર્વ પ્રસંગે ગામમાં આગામી સમયમાં રાજયની પ્રથમ યુનિવર્સિટી બનાવવાના સંકલ્પ કરાયો હતો. ટુંકા સમયગાળામાં જ આ મામલે સરકાર સાથે એમ ઓ યુ કરવામાં આવશે. નારદીપુરમાં પુર્વ પ્રાથમિક થી ઉચ્ચ માધ્યમિક સુધીનુ શિક્ષણ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં મળતુ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવાશે. જયારે આગામી નવા શૈક્ષણિક સત્રથી કન્યાઓ માટેની આટર્સ એન્ડ કોર્મસ કોલેજ પણ શરૂ કરવામાં આવશે તેની જાહેરાત પણ આ તબક્કે કરવામાં આવી હતી.

નારદીપુર ખાતે આયોજિત સ્વપ્રદર્શી પર્વ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાંવ્યુ હતુ કે સ્વપ્ર વાતાવરણથી આવે છે પરંતુ સારુ વાતાવરણ ઉભુ કરવા માટે સ્વપ્ર જોવા પડે છે. નવા વિચાર , નવી દિશા અને નવા વ્યવસ્થાપનથી શિક્ષણતીર્થ નારદીપુરની આવતીકાલને વધુ ઉજજવળ બનાવવા માટે ઉમદા વાતાવરણ ઉભુ કરવા આજે સ્વપ્રદર્શી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. જયારે આગામી સમયમાં દરેક ગામ નારદીપુરની ઉમદા રાહ પર ચાલે તેવી ઈચ્છા પણ તેમણે વ્યકત કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ આઝાદી બાદ આપણા બધામાં આપણા પણાનો ભાવ ઘટી રહ્યો છે તેની જગ્યાએ મારે શુ તેવો ભાવ પેદા થઈ ગયો છે. જયારે આ કાર્યક્રમ થકી આપણા પણાનો ભાવ

● અનુસંધાન પાન-૭ પર

## અલુવાના જંગલ વિસ્તારમાં દિપડો હજુ પણ ફરતો હોવાની સ્થાનિકોમાં બુમ

**વનતંત્રએ અગાઉ પીંપળજમાં પાંજરા મુકીને દિપડાને કેદ કરવા પ્રયાસ કર્યો હતો**

ગાંધીનગર તા ૨૨

છેલ્લા એક મહીનાથી ગાંધીનગર જિલ્લાની હદના ગામોમાં દિપડો દેખાયો હોવાની વાતો સંભળાય છે. જયારે અગાઉ પીંપળજમાં વનતંત્ર દ્વારા દિપડો હોવાની વાતની ખરાઈ કરીને પાંજરા પણ મુકાયા હતા પરંતુ દિપડો હાથ લાગ્યો ન હતો. જયારે છેલ્લે અલુવા હિલ્સના જંગલ વિસ્તારમાં દિપડાના પગમાર્ક જોવા મળ્યા હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. જો કે આજે પણ દિપડો આ જંગલમાં હોવાનુ મનાઈ રહ્યુ છે. ત્યારે વનતંત્ર દ્વારા દિપડાને કેદ કરવાના મામલે કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી. કેમ્પમાં જતા યુવકો રોજબરોજ દિપડાના પગમાર્ક જોતા હોવાની વાત પણ સામે આવી છે.

ઠંડીની મોસમમાં હજુ દિપડાના પગલા દરરોજ અલુવા હીલનાનદી કિનારાના કોતરમાં જોવા મળે છે.મોડીરાતે નદીની આસપાસ રહેતા કુતરા તેમજ ઘેટા બકરાઓનો શિકાર મહત્તમ કરે છે. આસપાસમાં રહેતા ઘેટા બકરાઓ પણ દર બીજે ત્રીજે દિવસે ઉપાડી જાય છે. સ્થાનિકોનુ જણાંવાનુ છે કે દિપડો આ વિસ્તારમાં જ ફરે છે. દિપડા બે હોવાની શકયતા છે એક માં અને બચ્ચુ હોવાની પણ મનાય છે. ગાંધીનગર વન વિભાગ સફાઈમાં જોતરાયુ છે. પરંતુ દિપડાની કોઈ ભાળ મળતી નથી. ગાંધીનગરમાં દિવાળી ટાંણે દિપડો ઘુસી ગયો હતો. નવા સચિવાલય સંકુલને દિપડાએ ગિરફતમાં લીધુ હતુ. જયારે આખા દિવસની મહેનતના અંતે દિપડાને આખરે પાંજરામાં કેદ કરાયો હતો. ત્યારબાદ પીંપળજ અને પીંડારડા વિસ્તારમાં દિપડાએ દેખા દીધી હોવાનુ સ્થાનિક ખેડુતોએ જણાંવતા દિપડાની ગતિવિધિ તરફ ફરી વનતંત્ર અલર્ટ થયુ હતુ. પરંતુ પીંપળજમાં મારણ સાથે પાંજરા મુકીને બે દિવસ સુધી સર્ચિંગ કર્યા બાદ પણ વનતંત્રના હાથમાં દિપડો આવ્યો ન હતો. જેથી થાકીને વનતંત્રએ હાથ હેઠા મુકી દીધા હતા. જો કે બે દિવસમાં જ દિપડો અલુવા હિલ્સ નજીક નદીના વિસ્તારમાં હોવાના સમાચાર મળતા વનતંત્રની ટીમ સ્થળ પર પહોંચી હતી. સ્થાનિક કેમ્પમાં ફરતા યુવાનોને દિપડાના તાજા પગમાર્ક મળ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. પરંતુ દિપડાના મામલે વનતંત્રને સફળતા મળી નથી. બીજીતરફ દિપડો હજુ અલુવાના જંગલ વિસ્તારમાં જ હોવાનુ રોજ કેમ્પમાં જતા યુવકો જણાંવી રહ્યા છે. કેમ્પમાં જતા પંકજ પરમારને રોજબરોજ દિપડાના તાજા પગમાર્ક જોવા મળતા હોવાનુ પણ જણાવાય છે.જયારે દિપડાની સાથે તેનુ બચ્ચુ હોવાની વાત પણ હજુ અકબંધ છે. આવા સંજોગોમાં દિપડાને પાંજરે કેદ કરવા માટે વનતંત્ર દ્વારા કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવતી ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.




અમદાવાદના વસ્ત્રાપુર એઈસી ગ્રાઉન્ડ ખાતે વિસરાતી જાતિ દ્વારા પ્રદર્શનનું આયોજન કરાયું હતું. સાત્વિક પ્રકૃતિની ચીજવસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવ્યું હતું. શહેરીજનોએ ચીજવસ્તુઓ ખરીદવા ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો.

# ઠંડી વધતાં જિલ્લામાં રવિ વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લામાં ઠંડીના વધતા જતા વ્યાપને લઈ ખેડૂતો રવિ સીઝનની વાવણીના મૂડમાં આવી ગયા છે અને પાછોતરૂ વાવેતર જે રીતે કરી રહ્યા છે તેને લઈ તંત્ર પણ ઉત્સાહમાં આવી ગયુ છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૬૫ હજાર હેક્ટરને પાર કરી ગયુ છે. જો કે ઘઉંનું વાવેતર ૨૨ હજાર હેક્ટરમાં થયુ છે. તો રાઈનું વાવેતર સાતસો હેક્ટર થયુ છે.

જિલ્લામાં ચણાનું વાવેતર પણ ૫૦૦ હેક્ટર થયુ છે જે ગત વર્ષ કરતાં ૭૫ ટકા જેટલુ વધુ છે. તમાકુનું વાવેતર ૩૩૦૦ હેક્ટરને પાર કરી ગયુ છે. આ બે પાકોના વાવેતર વિસ્તારમાં જે વધારો જોવા મળી રહ્યો છે તે જિલ્લામાં બદલાતી પાક પેટર્નના સંકેત આપે છે.

### બટાટાની વિક્રમી ખેતી થઈ : ઘઉં અને શાકભાજીના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વરિયાળીનું વાવેતર એક હજાર હેક્ટર ઉપરાંત થયુ છે તો બટાટાની ખેતીએ આ વખતે એક નવો વિક્રમ નોંધાયો છે. બટાટાનું વાવેતર ૯૧૧૭ હેક્ટર વિસ્તારમાં થયુ છે. જે ગત વર્ષની તુલનામાં ઘણુ વધારે છે. ગત વર્ષે ૭૪૦૦ હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ હતુ.

શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં આ વખતે પ્રારંભિક પ્રતિકુળ હવામાનને કારણે ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૫૪૬ હેક્ટર વિસ્તારમાં શાકભાજીના પાકનું વાવેતર નોંધાયુ છે જ્યારે પશુપાલનની મહત્વની પ્રવૃત્તિ જિલ્લામાં હોવાથી ઘાસચારાની માંગને લઈ ૨૨૦૭૫ હેક્ટર વિસ્તારમાં તેનુ વાવેતર થયું છે જે ગત સિઝનની સરખામણીએ વધુ થયુ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રવિ સિઝનમાં અત્યાર સુધીમાં ૬૫,૧૩૮ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં રવિ સિઝનના વાવેતરમાં બટાટા, ચણાના પાકના વિસ્તારમાં વધારો થયો છે. જ્યારે શાકભાજી અને ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. ઘાસચારાના વાવેતર વિસ્તારમાં થયેલા વધારાથી તંત્રએ હાલ રાહત અનુભવી છે. જો કે વાવેતર વિસ્તાર વધતાં આગામી દિવસોમાં જિલ્લામાં પાણીની માંગ વધશે અને તેને લઈ તંત્રએ હવે તેના આયોજન પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

## ચીફ ઓફિસર સંવર્ગની પરીક્ષામાં ૪૦ ટકા પરીક્ષાર્થી હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૨

ચીફ ઓફિસર સંવર્ગની ભરતી માટે આજે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષાર્થીઓની હાજરી ૪૦ ટકાની આસપાસ જ રહેવા પામી હતી. જોકે આજની આ પરીક્ષામાં પ્રશ્નપત્ર ૧૫૦ ગુણાંકનું હતુ પરંતુ તે માટેની સમય મર્યાદા ૭૫ મિનિટ હોવાથી પરીક્ષાર્થીઓની આકરી કસોટી થવા પામી છે.

આજના પ્રશ્નપત્રમાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાનો અધિકાર કયો છે તેવો પ્રશ્ન ઉપરાંત રાષ્ટ્રપતિમાં સાંસદના મતનું મૂલ્ય કેટલુ તે પ્રશ્ન પણ પુછાયો હતો. ભારતના મહાલેખા નિયંત્રક પરીક્ષકનું નામ પુછી પરીક્ષાર્થીઓને મુંઝવવાનો પણ પ્રયાસ થયો હતો. તો આવો જ બીજો પ્રશ્ન 'ગદર' સામાજિક પ્રથમ વખત કઈ ભાષામાં પ્રકાશિત થયુ હતુ તેને લઈ પુછાયુ હતુ.

વર્ષ-૨૦૧૬-૧૭માં દેશના ખાસ આર્થિક ક્ષેત્ર (જીઈન)ના વિકાસમાં ગુજરાત રાજ્યનો હિસ્સો પુછી પણ પરીક્ષાર્થીઓને મુંઝવવાનો પ્રયાસ થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

## શહેરમાં મહત્તમ તાપમાન પણ વધતા દિવસે ગરમી

**ઠંડીનો પારો ૮.૬ ડિગ્રીએ જયારે ગરમીનુ પ્રમાણ પણ વધતા નગરજનો અકળાયા : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચ ચાર ગણો તફાવત**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં ઠંડીનો પારો આજે વધુ એક ડિગ્રી ગગડયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે આજે તાપમાનમાં એક ડિગ્રીનો ફેરફાર જોવા મળ્યો છે. જેથી ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. બીજીતરફ સતત બીજા દિવસે દિવસનુ તાપમાન બે ડિગ્રી ઉંચકાયુ છે. મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીએ પહોંચી જતા દિવસ દરમિયાન નગરજનોએ ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે દિવસે ગરમી અને સાંજ ઢળતા જ અચાનક જ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનોએ મોસમનો વિચિત્ર એહસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી એકધારી ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. સિઝનનુ રેકર્ડબ્રેક તાપમાન નોંધાયા બાદ ઠંડીનો પારો નીચે ઉતરવાનુ નામ લેતો નથી. અલબત્ત છેલ્લા ચાર દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની અંદર છે. ગઈકાલે પણ ઠંડીનો પારો ૯.૬ ડિગ્રીએ રહ્યો હતો. જયારે આજે ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો છે.જેના લીધે લઘુત્તમ તાપમાન વધુ એક ડિગ્રી ગગડયુ હતુ. ઠંડીનો પારો એક ડિગ્રી નીચે ઉતરીને ૮.૬ ડિગ્રી એ પહોંચી ગયો હતો. જેના લીધે નગરજનો કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયા હતા. બીજીતરફ દિવસનુ તાપમાન પણ ઉંચકાયુ હતુ. જયારે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. ગરમી વધતા દિવસ દરમિયાન નગરજનો અકળાયા હતા.દિવસે ગરમી અને રાત્રિના કાતિલ ઠંડી વચ્ચે નગરજનોએ વિચિત્ર મોસમનો અહેસાસ કર્યો હતો. સાંજ ઢળતા જ આક્મક ઠંડીનુ મોજુ ફરી વળતા નગરમાં સન્નાટો છવાઈ ગયો હતો. છેલ્લા ચાર દિવસથી ઠંડીએ નગરને બાનમાં લીધુ છે.જયારે ઠંડીના પારો પણ એકધારો ૧૦ ડિગ્રીની અંદર રહેતા નગરજનોને ઠંડીમાં રાહત મળતી નથી. પરંતુ મહત્તમ તાપમાન પણ સાથે સાથે વધતા નગરજનો વિચિત્ર મોસમના અહેસાસ વચ્ચે બેબાકળા બન્યા છે. વિચિત્ર મોસમની અસરથી જનઆરોગ્ય પર વિપરિત અસર પ્રવર્તી છે.

## મહિલા સશક્તિકરણની વાતો કરાય પણ સચિવ નિમાતા નથી : નિશિત વ્યાસ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં મહિલા વિકાસ વિભાગમાં નિયમિત સચિવ નથી અને મહિલા આયોગમાં અધ્યક્ષ સિવાય સભ્યો નિયુક્ત કરાયા નથી તો મહિલા સુરક્ષા સમિતિની બેઠક છેલ્લા ત્રણ માસથી મળી નથી અને છતાં મહિલા સશક્તિકરણના નામે ભાજપ જુઠી વાતો કરી રહી છે તેવો આક્ષેપ કોંગ્રેસના મહામંત્રી નીશિત વ્યાસે કર્યો છે.

તેમણે આજે જણાવ્યુ હતુ કે મહિલા અને બાળ વિકાસ વિભાગમાં બાળવિકાસ વિભાગ કોણ સંભાળે આરોગ્ય કે શિક્ષણ વિભાગ તેને લઈ બાઈ-બાઈ ચારણી જેવી નીતિ તંત્ર દ્વારા હાલ અપનાવવામાં આવી રહી છે.

તેમણે સમાજકલ્યાણ વિભાગ દ્વારા ચાલતા મહિલા સલાહ કેન્દ્રોના કર્મયોગીઓને જી.પી.એફ.ના નાણાં ઉપાડવા દેવામાં આવતા નથી. આમાં મોટુ નાણાંકીય કૌભાંડ હોવાની શંકા પણ વ્યાસે વ્યક્ત કરી હતી.

નિશીત વ્યાસે જણાવ્યુ છે કે નારી સંરક્ષણ ગૃહોને ગ્રાન્ટ જે અપાય છે તેના ધોરણોમાં કોઈ સુધારો ભાજપ સરકારે કર્યો નથી. આટલુ જ નહિ તેને ગ્રાન્ટ નિયમિત અપાતી નથી એથી પણ વધુ હદ એ થાય છે કે આ સંરક્ષણગૃહોના દુરસ્તીકરણ માટે કોઈ જોગવાઈ જ કરવામાં આવી નથી.વ્યાસે એવો પણ આક્ષેપ કર્યો છે કે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું રાજીનામુ કેમ લેવાયુ તે પ્રશ્ન આજે પણ રાજયના રાજકીય પ્રવાહોમાં અનઉત્તર જ રહ્યો છે.

મહિલા સુરક્ષા માટે નિમાયેલા અધિકારીઓનો પ્રોબેશન પિરિયડ ક્યારનોય પૂર્ણ થઈ ગયા પછી પણ નિયમિત નિમણુંક અપાતી નથી. ઘરેલુ હિંસાના બનાવોમાં રક્ષણ આપવા નિયુક્ત થયેલા અધિકારીઓનું શોષણ કરવામાં આવી રહ્યાનું પણ વ્યાસે જણાવ્યુ હતુ.

પ્રથમ માસિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. પરેશકુમાર જવાહરલાલ ત્રિવેદી
(નિવૃત્ત ડી.વાય.એસ.પી.)
પ્લોટ નં. ૨૪૩/૨, સેક્ટર-૩ ન્યૂ, ગાંધીનગર
સ્વર્ગવાસ : તા. ૨૨-૧૧-૨૦૧૮
કુદરતે અકાળે છીનવેલ આપનો સદાય હસતો ચહેરો, ઉદાર દિલથી સર્વેને મદદરૂપ થવાની અને કુટુંબ પ્રત્યેની આપની નિષ્ઠા, પ્રેમાળ સ્વભાવ, ધાર્મિકતા અને પરોપકારી જીવન હરહંમેશ અમોને કર્તવ્યની પ્રેરણા આપતો રહેશે. સમય વિતતો જશે, પરંતુ યાદ તમારી સદાય જીવંત રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારા સૌની પ્રાર્થના છે.
લિ.
સ્નેહીજનો - સેક્ટર-૩ ન્યૂ, ગાંધીનગર
સંજય આર. પટેલ
બિપીનકુમાર એમ. પરમાર
દુષ્યંતકુમાર બી. શ્રીમાળી
ભરતભાઈ એમ. પટેલ
રામજીભાઈ જે. પરમાર
દિનેશકુમાર એસ. પરમાર
અરૂણભાઈ પારેખ
દેવાંગ જે. પંડિત
શરદભાઈ પટેલ
કિરણભાઈ ટંડેલ
ડો. શશીકાન્ત એસ. ટાંક
રાજુભાઈ આર. પટેલ
નરેશકુમાર આર. ભટ્ટ
કાંતિભાઈ એસ. પટેલ
રાજુભાઈ કે. સોલંકી
અલ્પેશકુમાર ઠાકર
ચંદ્રેશભાઈ કે. દવે
મિનેષ આર. પટેલ
સતીષકુમાર મુદલીયાર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com